# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-06-2024** **Midday : 2.30 to 2.35**
**Day : Wednesday** **Regional News**

## આકાશવાણી અમદાવાદ- વડોદરા

## પ્રાદેશિક સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*************************************************

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# GUJ. SHALA PRAVESOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડાંગ જિલ્લાના સુબીર તાલુકાની બિલિઆંબા પ્રાથમિક શાળાથી રાજ્યવ્યાપી “શાળા પ્રવેશોત્સવ” નો આજથી પ્રારંભ કરાવ્યો હતો.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ બનાસકાંઠામાં થરાદના નારોલી ગામમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. અહીં બાળકોને કુમકુમ તિલક અને શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રવેશોત્સવ અંતર્ગત જિલ્લામાં 93 હજારથી વધુ બાળકો પ્રવેશ મેળવશે. જિલ્લાની 2 હજાર 679 શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

કૃષિમંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લાની ન્યારા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી ઉત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો. જેમાં ૩૪ બાળકોનો ધોરણ-૧માં પ્રવેશ કરાવવામાં આવ્યો.

ભાવનગર જિલ્લાની શ્રી આદપુર વાડી પ્રાથમિક શાળા ખાતે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો..

સુરેન્દ્રનગર જિલ્લામાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ મોટા મઢાદ પ્રાથમિક શાળા, રામપરા પ્રાથમિક શાળા ખાતેથી આંગણવાડી, બાલવાટિકા, ધોરણ-૧ અને ૯ના બાળકોને પ્રવેશ અપાવ્યો હતો.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, જિલ્લાના લખપત તાલુકાની માતાના મઢ પ્રાથમિક શાળા ખાતે પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે ભૂલકાંઓને શાળામાં પ્રવેશ અપાવી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો.

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં અમરેલીમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો.. આ પ્રસંગે, ૩૧ દીકરીઓને 'નમો લક્ષ્મી' પ્રોત્સાહન યોજના અંતર્ગત લાભનું વિતરણ, પ્રવેશપાત્ર ભૂલકાઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તો મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં જીલ્લા કલેકટરોએ બાળકોનું  કુમકુમ તિલક સાથે મોં મીઠું કરાવી શાળામાં નામાંકન કરાવ્યુ હતું.

ગાંધીનગર, મહેસાણા, પાટણ સહિત અનેક જીલ્લાઓમાં પણ ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાયો હતો.

# HARSH SANGHVI PRAVESOTSAV

સુરતની ત્રણ  શાળામાં ગૃહરાજ્યમંત્રી હર્ષસંઘવીએ ભૂલકાંઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બાળકોને કંકુ ચોખાથી આવકાર્યા હતા.. તેમણે બાલ વાટિકા અને ધોરણ એકના બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. બાળકોને અભ્યાસ કીટ આપી શાળા

પ્રવેશોત્સવ કરાવ્યો હતો. ગૃહરાજ્યમંત્રીએ બાળકોને ઉચ્ચ શિક્ષણ લઇને જીવનમાં આગળ વધવા પ્રેરિત કર્યા હતા.

## (બાઇટ- હર્ષ સંઘવી)

# GUJ. RAIN

રાજ્યમાં આજે સવારે 6થી બપોરનાં 12 સુધી મહુવા તાલુકામાં 8 મિલિમિટર અને રાજુલા તાલુકામાં 4 મિલિમીટર વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આજે કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા ઉપરાંત સૌરાષ્ટ્રનાં મોટા ભાગના જિલ્લાઓ, વડોદરા, છોટા ઉદેપુર  ઉપરાંત દક્ષિણ ગુજરાતનાં નર્મદા, ભરૂચ, તાપી, ડાંગ, સુરત જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે, આજે સવારે સંતરામપુર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડતાં કે ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી હતી.

અમારા ભુજ જિલ્લાના પ્રતિનિધી હેમાંગ પટણીનાં જણાવ્યા પ્રમાણે ગઇ રાત્રે ગાંધીધામમાં 2 કલાકમાં ચાર ઇંચ, માંડવીમાં 2, અંજારમાં દોઢ, ભચાઉ 1 ઇંચ અને ભુજમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો હતો. છેલ્લા 24 કલાકમાં જિલ્લામાં અબડાસા, લખપતને બાદ કરતાં તમામ તાલુકામાં વરસાદ નોંધાયો.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધી જયંતિ ચૌધરી જણાવે છે કે, બહુચરાજી અને જોટાણા તાલુકામાં 1 ઇંચ કરતા વધુ અને ઊંઝા અને

મહેસાણા તાલુકામાં એક ઇંચ કરતા ઓછો વરસાદ પડ્યો હતો. કડીના થોળ વિસ્તારમાં કચ્છથી આવેલા માલધારીના પશુઓ પર વીજળી પડતા 6 પશુઓનાં મોત થયા હતા.

# GANDHINAGAR-AHMEDABAD METRO

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રો ટ્રેનનો રૂટ આવતા મહિને જુલાઈથી શરૂ થશે. આ અંગે ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આજે આ રૂટના ટ્રાયલની કામગીરી હાથ ધરવામાં આવી. મેટ્રો રેલ સેફ્ટીના કમિશનર આર. કે. મિશ્રાએ ગાંધીનગર મેટ્રો સ્ટેશનની મુલાકાત લીધી હતી. હવે સુરક્ષા નિરીક્ષણ બાદ આવતા મહિનાથી મોટેરાથી ગાંધીનગરના સેક્ટર એક સુધીનો રૂટ શરૂ કરવાની તજવીજ હાથ ધરાશે.

# SURENDRANAGAR- YOVKO MOT

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના અણીન્દ્રા અને બજરંગપુરા ગામ પાસે આવેલી નર્મદા કેનાલમાં બે યુવાનોના ડુબી જવાથી મોત થયા છે. અમારા સુરેન્દ્રનગર જીલ્લાના પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે, બંને યુવાનો ડુબી જતાં પોલીસ અને ફાયર વિભાગ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી, જેમાં બંને યુવકોના મૃતદેહ મળી આવ્યા હતા.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.

એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.